9

તહેવાર

0124CH09

ભારતીય કેલેન્ડર અનુસાર મકર સંક્રાંતિની જેમ ઉત્તરાયણનો તહેવાર,પોંગલ, બિહુ અને લોરી શિયાળાથી ઉનાળાની ઋતુ તરફ જવાનો સંકેત બતાવે છે. આ તહેવારો ગરમીના દિવસો પાછા આવવાની અને લણણીની મોસમની શરૂઆત સૂચવે છે. બાળકો દ્વારા ઉજવવામાં આવતા વિવિધ સ્થાનિક તહેવારોની તેમના પરિવાર સાથે ચર્ચા કરવાનું કહો.આ ચિત્રમાં દરેક તહેવારની ઉજવણીના મુખ્ય તત્વો, વસ્તુઓ, શણગાર, નૃત્ય કરતા લોકો વગેરે પર બનેલી વિવિધ આકૃતિઓ અને રચનાઓ આપેલા છે તેના પર બાળકો સાથે ચર્ચા કરી શકાય છે.

© NCERT not to be republished

© NCERT
to be republished

વધુ ચિત્રો દોરીને રચનાને વિસ્તૃત કરો.

A. 

B.

C. 

D.

E. 

F. 

G. 

H. 

બાળકોને રચના બનાવવા માટે મૂર્ત વસ્તુઓનો ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત કરો.

© NCERT not to be republished

ચાલો કરીએ

મુન્નાને રંગપૂરણીનો ખૂબ જ શોખ છે. તેણે પોતાના અંગૂઠા અને આંગળીઓની છાપનો ઉપયોગ કરીને એક રચના બનાવી. તમે આપેલ જગ્યામાં તમારી આંગળીના નીશાનનો ઉપયોગ કરીને આના જેવી રચના પણ બનાવી શકો છો.







ગુલાબી રંગ પછી કયો રંગ આવવો જોઈએ અને શા માટે? ચર્ચા કરો.

બાળકોને વિવિધ શાકભાજી એકત્રિત કરવા અને પછી વડીલોના મદદથી કાપવા માટે કહો.આ શાકભાજીના કાપેલા ટુકડાઓનો ઉપયોગ કરીને તમારી પસંદગીની રચના બનાવવા માટે પ્રોત્સાહિત કરો.

રચનાને સમજો અને રંગ કરીને તેમને વિસ્તૃત કરો.



રચના પૂર્ણ કરો.



© NCERT not to be republished

રચનાનો અભ્યાસ કરો અને ખૂટતી સંખ્યાઓ ભરો.







© NCERT not to be republished

મૂર્તિ અને વાણી તેમની માને કોલમ કે રંગોળી બનાવવામાં મદદ કરી રહ્યા છે. તમે નીચે આપેલા કોલમને પૂર્ણ કરીને પણ તેમને મદદ કરી શકો છો.



પ્રોજેક્ટ કાર્ય

ક. કાંકરા, ફૂલો, પાંદડાં, પ્યાલા, લાકડીઓ, બંગડીઓ,સિક્કા, ટોપીઓ વગેરે વસ્તુઓ એકઠી કરીને એક રચનામાં ગોઠવી દો. તમે પણ ઘરેણાં, ફૂલદાનીની ગોઠવણી, કલા પ્રદર્શન વગેરેની રચના બનાવો.

ખ. પાંદડા, પતંગિયા, પ્રાણીઓની ચામડી (બિલાડી, કૂતરો, ઝીબ્રા, વાઘ), પડદા, સાડી, દુપટ્ટા, તક્તીઓ, મધપૂડો વગેરે જેવી રચનાઓનું પ્રકૃતિમાં અવલોકન કરો અને શોધો.

ગ. આસપાસ દેખાતી જુદી જુદી વસ્તુઓ એકઠી કરો અને કોલાજ બનાવો.

ઘ. વિવિધ ક્રિયાઓ જેમ કે તાળીઓ પાડવી, ચપટીઓ વગાડવી, જમીન પર જોરથી પગ ઠોકવો વગેરે ક્રિયાઓનો ઉપયોગ કરીને રચના બનાવો.



આપણી આસપાસની દુનિયા આકારોથી ભરેલી છે. બાળકોને મંદિરો, મસ્જિદ, ચર્ચ, ગુરુદ્વારા અને તેમની આસપાસના સ્મારકોમાં સુંદર નમૂનાઓનું અન્વેષણ કરીને ભારતના સમૃદ્ધ વારસાને માણવાં માટે પ્રોત્સાહિત કરો. તેમને વિવિધ કલા સ્વરૂપો, નૃત્ય સ્વરૂપોમાં હલનચલનની રચના વગેરેના તેમના અવલોકનો શેર કરવા પણ કહો.

© NCERT not to be republished